RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY




# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૫-૨૬ના કેન્દ્રીય બજેટને સર્વાંગી વિકાસ માની આવકાર...

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામનજી દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ નું આઠમું સંપૂર્ણ બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સર્વાંગી વિકાસ માની આવકારે છે. ભારતની અર્થવ્યવસ્થા મજબુત બની છે તેમજ વિકસીત ભારત ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરાયેલ છે.

પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, સહમંત્રીશ્રી ઉતસવભાઈ દોશી, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા તથા તમામ કારોબારી સભ્યોએ આ બજેટને આવકારતા જણાવેલ કે, આ બજેટમાં તમામ વર્ગોનો સમાવેશ કરાયેલ છે. તેમજ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિથારામનજીને ૧૪ જેટલા વિવિધ મુદાઓની રજુઆત કરવામાં આવેલ હતી. જેમાં ખાસ કરીને રાજકોટ ચેમ્બર દ્વારા ઈન્કમટેક્ષના સ્લેબમાં ફેરફાર કરીને ૧૦ લાખ સુધીની આવકમાં કોઈપણ ટેક્ષ લાગુ ન કરવો તે માંગણી સ્વીકારવામાં આવી છે. આમ સરકારશ્રી દ્વારા ૧૨ લાખ સુધીની આવકમાં કોઈપણ જાતનો ટેક્ષ વસુલવામાં આવશે નહી. વધુમાં રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાંથી રાજકોટમાં MSME ની સંખ્યા આશરે ૨ લાખથી વધુ હોય ત્યારે આ બજેટમાં સ્ટાર્ટઅપને ૨૦ કરોડ અને MSME માટે ૧૦ કરોડની મર્યાદા વધારવાથી MSME ને વધુમાં વધુ ફાયદો થશે અને રોજગારીનું પણ નિર્માણ થશે. ખાસ કરીને આ બજેટમાં શહેરી વિકાસ, ગ્રામીણ, અર્થવ્યવસ્થા, ઉધોગો, આવાસ, ગરીબ, મહિલા, કિશાન, આરોગ્ય વિગેરે પર વધુ ફોકસ કરવામાં આવેલ છે.

આમ બજેટમાં જેમાં પાંચ મુખ્ય મુદાઓ ઉપર જોર આવપામાં આવ્યું છે. ખર્ચ વધારો, સ્વાસ્થ્ય સુવિધાઓ, રોજગાર, કૃષિ ઉત્પાદન, વિકસીત ભારતનું નિર્માણ, વૈશ્વીક મેઝ્યુફેકચરીંગ હબ બનાવવાનો લક્ષ્ય, ભારત દેશને રમકડાઓ માટે વૈશ્વીક કેન્દ્ર બનાવાશે, નિકાસને વેગ આપવા માટે એક્ષપોર્ટ પ્રમોશન મિશન શરૂ કરવામાં આવશે, વિદેશથી આવતા નાણાના ટેક્ષમાં વધારે છુટછાટ અપાશે, AI એજયુકેશન માટે ૫૦૦ કરોડ અને ૩ AI એકસીલેન્સી સેન્ટર બનાવાશે, ઈન્ફ્રસ્ટકચરને વધુ ડેવલોપ કરાશે, ૧૦૦ જીલ્લાઓમાં જન-ધાન્ય યોજના શરૂ કરવામાં આવશે, MSME ને સમર્થનથી રોજગારીનો વિકાસ થશે ત્યારે સ્ટાર્ટઅપ માટેની લોન મર્યાદા ૨૦ કરોડ અને MSME ની લોન મર્યાદા ૧૦ કરોડ કરવામાં આવેલ છે., નાના ઉધોગકારો માટે કસ્ટમાઈઝ ક્રેડિટ કાર્ડ, નવા ઉધોગ સાહસિકોને ૨ કરોડ સુધીની લોન અપાશે, ન્યુકિલયર એનર્જી માટે ૨૦ હજાર કરોડ, એગ્રી પ્રોગ્રામ થકી ૧.૭ કરોડ કિસાનોને ફાયદો થશે અને કિસાનોને લોન માટે ૫ લાખની ક્રેડિટ, પાંચ લાખ એસ.સી.-એસ.ટી. મહિલાઓ માટે નવી યોજના, સૌરઉર્જા, ઈલેકટ્રીક વ્હીકલ બેટરી ઉપર વધુ જોર અપાશે, સરકારી

# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

સ્કુલોને બ્રોડબેન્ડથી જોડાશે, ૫ નવા ટ્રેનીંગ સેન્ટરો શરૂ કરાશે, મેડિકલ કોલેજોમાં ૭૫ હજાર સીટનો વધારો કરાશે, IIT માં ૬૫૦૦ સીટનો વધારો કરાશે, ૧૦ વર્ષમાં ૧૨૦ નવા એરપોર્ટ વધારાશે, ૫૦ થી વધુ પર્યટન સ્થળોનો વધુ વિકાસ થશે, UPI લિન્ક ક્રેડિટ કાર્ડની લીમીટ ૩૦ હજાર, શહેરી વિકાસ માટે ૧ લાખ કરોડની ફાળવણી, વિવાદ સે વિશ્વાસ યોજના લાવવામાં આવશે, ડેરી અને માછીમારીના ઉધોગ સાથે સંકળાયેલ લોકોને ૫ લાખ સુધીની લોન, એક સપ્તાહમાં નવું ઈન્કમટેક્ષ બીલ લાવવામાં આવશે, KYC પ્રક્રિયા સરળ કરાશે, વરિષ્ટ નાગરીકો માટે ટેક્ષમાં વધારે છુટછાટ, TDS માં ઘટાડો કરાશે, TCS ની મર્યાદા ૭ લાખથી ૧૦ લાખ કરવામાં આવેલ, વિમાક્ષોત્રે ૧૦૦% FDI ની મંજુરી અપાશે, સિનિયર સિટીઝનને વ્યાજ ઉપર ૧ લાખ સુધીની છુટ, આગંણવાડીની સંખ્યા વધારી બાળકોમાં પોષક તત્વોની ખામી દુર કરવા પ્રયાસ કરાશે, મેડિકલ પાર્ટસ સસ્તા થશે, કેન્સરની ૩૬ દવાઓ સસ્તી કરાશે, નવો ઈન્કમટેક્ષ સ્લેબ : ૧૨ લાખની આવક સુધીમાં કોઈપણ જાતનો ટેક્ષ વસુલાશો નહી, ૧૨ થી ૧૫ લાખ સુધીની આવકમાં ૧૫% ટેક્ષ, ૧૫ થી ૨૦ લાખ સુધીની આવકમાં ૨૦% અને ૨૦ થી ૨૫ લાખ સુધીની આવકમાં ૨૫% ટેક્ષ જયારે ૨૫ લાખથી વધુ આવક ઉપર ૩૦% ટેક્ષ લાગશે.